તા. ૧૨.૦૨.૨૦૧૫ - ગુજરાતમિત્ર.

# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ - કોસાડ)

## જાહેર સુચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ ની કલમ-૪૧(૧) અન્વયે નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ - કોસાડ) તૈયાર કરવાનો ઇરાદો નગર નિયોજન સમિતિએ તેના તા. ૧૯/૦૩/૧૩ના ઠરાવ નં. ૭૭/૨૦૧૩થી જાહેર કરેલ. સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિમાં ઠરાવ નં. ૩૦/૨૦૧૩, તા. ૧૮/૧૧/૨૦૧૩ થી આઉટર રીંગરોડના સમાવિષ્ટ વિસ્તારની નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ - કોસાડ) નામદાર સરકારશ્રીમાં ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ - ૧૯૭૬ની ની કાયદાકીય જોગવાઇઓ અનુસાર મંજુરી અર્થે સાદર કરેલ.

સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના બાબતે નામદાર સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૩૦/૦૧/૨૦૧૫ રોજના જાહેરનામા અંતર્ગત સદરહુ નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ - કોસાડ) માટે જરૂરી નિર્દેશનો સુચવી પૂર્તતા કરવા જણાવેલ છે. જે સંદર્ભે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ - કોસાડ)માં જરૂરી પૂર્તતા કરી મુસદ્દો / દરખાસ્ત તૈયાર કરવામાં આવેલ છે. જે અન્વયે "ગુજરાત નગર રચના અને શહેર વિકાસ નિયમો - ૧૯૭૯"ના નિયમ-૧૭ હેઠળની જોગવાઇ અનુસાર એક સભા સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે રાખવામાં આવી છે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તો અંગે સમજુતી આપવામાં આવશે તેમજ જમીન માલિકો/હિતસંબંધ ધરાવતા વ્યક્તિઓ મારફત જે કોઇ સુચનો કે વાંધાઓ રજુ કરવામાં આવશે તે પણ યોગ્ય જણાયે ધ્યાને લેવામાં આવશે. આ સભામાં હાજર રહેવા માટે હિત ધરાવનારી દરેક વ્યક્તિને કે જેઓના સરનામાની જાણકારી સુરત મહાનગરપાલિકાને છે. તેઓને વ્યક્તિગત નોટીસ આપવામાં આવી રહી છે છતાં આ જાહેર સુચનાથી મજકુર નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ - કોસાડ)ના સમાવિષ્ટ જમીનોના માલિકોને / હિત ધરાવનારી વ્યક્તિઓને નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે હાજર રહેવા વિનંતી છે.

**તારીખ: ૨૩/૦૨/૧૫**
**સમય : સવારે ૧૧:૩૦ કલાકે**
**સ્થળ : સરદાર ખંડ, મુખ્ય કચેરી, એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.**

**નં. પી.આર.ઓ./૬૬૧/૨૦૧૪-૧૫** — **ડેપ્યુટી કમિશ્નર (પી એન્ડ ડી)**
**તા.: ૧૧/૦૨/૨૦૧૫.** — **સુરત મહાનગરપાલિકા**

# સુધારો

## સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ)

## જાહેર સુચનાનો સુધારો

તા.૧૨.૨.૨૦૧૫નાં ગુજરાતમિત્રનાં ત્રીજે પાને સુરત મહાનગરપાલિકાની નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ)ની જાહેર સૂચના પ્રસિધ્ધ થયેલ જેમાં જમીનોના માલિકોને / હિત ધરાવનારી વ્યક્તિઓને હાજર રહેવાની વિગતમાં નીચે મુજબનો સમયેનો સવારે ૧૧.૩૦ને બદલે **૧૦.૩૦**નો સુધારો વંચાણે લેવા વિનંતી છે.

તારીખ: ૨૩/૨/૨૦૧૫ **સમય: સવારે <u>૧૦.૩૦</u> કલાકે**

**(જાહેરાત નં. પીઆરઓ/૬૬૧/૨૦૧૪-૧૫ તા. ૧૧/૨/૨૦૧૫)**

તા. ૧૨.૦૨.૨૦૧૫ - ગુજરાત સમાચાર

# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ)

### જાહેર સૂચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ની કલમ-૪૧(૧) અન્વયે નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) તૈયાર કરવાનો ઇરાદો નગર નિયોજન સમિતિએ તેના તા. ૧૯-૦૩-૧૩ના ઠરાવ નં. ૦૭/૨૦૧૩થી જાહેર કરેલ. સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિમાં ઠરાવ નં. ૩૦/૨૦૧૩, તા. ૧૮-૧૧-૨૦૧૩થી આઉટર રીંગરોડના સમાવિષ્ટ વિસ્તારની નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) નામદાર સરકારશ્રીમાં ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ - ૧૯૭૬ની કાયદાકીય જોગવાઇઓ અનુસાર મંજૂરી અર્થે સાદર કરેલ.

સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના બાબતે નામદાર સરકારશ્રીના શહેર વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૩૦-૦૧-૨૦૧૫ રોજના જાહેરનામા અંતર્ગત સદરહુ નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) માટે જરૂરી નિર્દેશનો સૂચવી પૂર્તતા કરવા જણાવેલ છે. જે સંદર્ભે સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ)માં જરૂરી પૂર્તતા કરી મુસદ્દો / દરખાસ્ત તૈયાર કરવામાં આવેલ છે. જે અન્વયે ''ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો- ૧૯૭૯''ના નિયમ-૧૭ હેઠળની જોગવાઇ અનુસાર એક સભા સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે રાખવામાં આવી છે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તો અંગે સમજૂતી આપવામાં આવશે તેમજ જમીન માલિકો / હિતસંબંધ ધરાવતા વ્યક્તિઓ મારફત જે કોઇ સૂચનો કે વાંધાઓ રજૂ કરવામાં આવશે તે પણ યોગ્ય જણાયે ધ્યાને લેવામાં આવશે. આ સભામાં હાજર રહેવા માટે હિત ધરાવનારી દરેક વ્યક્તિને કે જેઓના સરનામાંની જાણકારી સુરત મહાનગરપાલિકાને છે. તેઓને વ્યક્તિગત નોટીસ આપવામાં આવી રહી છે છતાં આ જાહેર સૂચનાથી મજકુર નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ)ના સમાવિષ્ટ જમીનોના માલિકોને / હિત ધરાવનારી વ્યક્તિઓને નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે હાજર રહેવા વિનંતી છે.

તારીખ : ૨૩-૦૨-૨૦૧૫
સમય : સવારે ૧૦-૩૦ કલાકે
સ્થળ : સરદારખંડ, મુખ્ય કચેરી, એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

ન. પીઆરઓ/૯૯૧/૨૦૧૪-૧૫
તા. ૧૧/૦૨/૨૦૧૫

ડેપ્યુટી કમિશનર (પી એન્ડ ડી)
સુરત મહાનગરપાલિકા